**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૨૨ ટકા

# જે.બી.પ્રાથમિક શાળામાં ધો.૮નો વિદાય સમારંભ



ગાંધીનગર, તા.૧૨

જે.બી.પ્રાથમિક શાળાના ધો.૮ના તમામ વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં દરેક વર્ગના ગૃપ ફોટો સેશન તથા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. સે-૨૮ના ગાર્ડનમાં તમામ બાળકોએ રાઈડસનો લાભ લીધો હતો.

શાળાના આચાર્ય નીવાબેન પટેલે તમામ બાળકોને ભવિષ્ય સારૂ નિવડે તેવા આશિર્વાદ આપ્યા હતા.

# ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉષા પર્વ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન



ગાંધીનગર, તા.૧૨

મહિલા અને બાલ કલ્યાણ જેવા અનેકવિધ ક્ષેત્રે કાર્યરત ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ તેની સ્થાપનાના ૨૫માં વર્ષની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષ્યમાં ઉષા પર્વ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જળવાયુ પરિવર્તનને ઓછું કરવા માટે મહિલાઓનું સશક્તિકરણ પર એક દિવસીય કોન્ફેરેન્સ, ઉદગમ સુરોત્સવમાં મહિલાલક્ષી ગીતો, મહિલા શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ અને ૧૪માં ઉદગમ વુમન્સ એચિવર્સ એવોર્ડનું આયોજન કરવામાં આવેલ છે. આ કોન્ફરન્સમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, વિધાર્થીઓ, શિક્ષણવિદો અને મહિલાઓએ ભાગ લીધો હતો. સમગ્ર કોન્ફરન્સને સફળ બનાવવા માટે ઉદગમના મેનેજીગ ટ્રસ્ટી ડો.મયુર જોષી સાથે એએમએના કાર્યકારી નિર્દેશક ઉન્મેષ દીક્ષિત અને દિશાંક પંચાલે સાથે વિશ્વ યુવક કેન્દ્રના સીઈઓ ઉદયશંકરસિંહ અને વાગ્મી જોષીએ ખુબ જેહમત ઉઠાવી હતી.

# મહિલા દિવસ સાથે એચઆઈવી એઈડ્સ અવેરનેસની ઉજવણી



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર અને જિલ્લા હોમગાર્ડ યુનિટ દ્વારા આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અને એચઆઈવી એઈડ્સ અવેરનેસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિ, અનમોલ ફાઉન્ડેશનના હાર્દિક મોચી, એચઆઈવી એઈડ્સ કાઉન્સિલર સુજતબેન સુતરીયા તેમજ અન્ય મહેમાનો અને હોમગાર્ડ મહિલા જવાનો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં હાર્દિક મોચી દ્વારા શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી તેમજ સુજતાબેન દ્વારા મહિલાઓને એચઆઈવી એઈડ્સ અંગેની જાગૃતિ લાવવા માટે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહિલાઓનું ઉત્કૃષ્ઠ કામગીરી માટે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં વિષ્ણુંભાઈ પ્રજાપતિએ તેમનું વકતવ્ય આપીને આભાર વિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંથન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આ કાર્યક્રમનું આયોજન જિલ્લા યુવા અધિકારી પંકજ મારેચાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# જન્મદિને વધામણી




યશસ્વી ચિન્મય જહા
મો. ૯૪૨૭૬ ૦૬૩૭૧



કલ્પેશ જી સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦



પીનાક એ પટેલ
મો. ૯૯૨૪૩ ૫૪૫૮૪



ધ્રુવા દવે



દિવ્ય અનિલભાઈ નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫



રીધમ દત્ત

# જી.એસ.ઈ.સી.એલ. વર્કિંગ વિમેન એસો. દ્વારા કાનુની શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧૨

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તો એક કાનુની શિબિર, જી.એસ.ઈ.સી.એલ વર્કિંગ વિમેન એસોસિએશન, થર્મલ પાવર સ્ટેશન ગાંધીનગર દ્વારા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઉપક્રમે મહિલા દિનનાં ઉપલક્ષ્યમાં યોજાઈ હતી. ચીફ એન્જિનિયર અજિતકુમાર ઘેરવારાના ખાસ સહકાર અને પ્રેરણા થી યોજાયેલ આ શિબિર માં એસોસિએશનનાં પ્રમુખ રીંકી વનવાની, સેક્રેટરી વંદના ગાંધી તથા અન્ય કારોબારી સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

# શ્રી ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે ધોરણ-૧૦ના વિધાર્થીઓનો શુભેચ્છા સમારોહ



ગાંધીનગર, તા.૧૨

શ્રી ગાયત્રી વિધામંદિર, લીહોડા ખાતે ધોરણ- ૧૦ ના વિધાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. જેમા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેનાર વિધાથીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કેળવણી મંડળના પ્રમુખ, મંત્રી, તેમજ પ્રાથમિક શાળાના આચાર્ય નીલયભાઈ પટેલ દ્વારા વિધાર્થીઓને શુભેચ્છા અને કારકિર્દી માર્ગદર્શન આપી સમગ્ર કાયૅક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલમાં મહિલા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા મહિલા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ-પ્રાઈમરી વિભાગની મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સેકટર-૨૪ ખાતે મારવાડી સાતમની ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

મારવાડી સાતમના તહેવાર નિમિત્તે રાજસ્થાનના મુખ્ય તહેવાર નિમિત્તે દૈલી (ગૈર દાંડીયા રાસ)નું આયોજન કરેલ છે ગાંધીનગર શહેરમાં રહેતા રાજસ્થાની પરિવારો તેમજ ગાંધીનગરના નગરજનોને જાહેર આમંત્રણ પાઠવ્યું છે. તા.૧૪મીએ સાંજે પથી ૮ કલાકે રંગમંચ સે-૨૪ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# વર્જિનટી ડીલ ફિલ્મની અભિનેત્રી નિશા જાનીને મહિલા પુરસ્કાર-૨૦૨૩ એનાયત કરાયો



ગાંધીનગર, તા.૧૨

સરગાસણ ખાતે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, બહેનો-દિકરીઓને પ્રોત્સાહિત તરીકે સન્માનિત કરતા એવોર્ડ સમારંભમાં સૌ પ્રથમ વખત અર્બન ગુજરાતી "વર્જિનટી ડીલ" ફિલ્મમાં મુખ્ય ભૂમિકાનું પાત્ર ભજવનાર ગાંધીનગર શહેરની અભિનેત્રી નિશા જાનીને "મહિલા પુરસ્કાર ૨૦૨૩"થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વણઝારા ક્રિષ્ણા ચંદુજી ઉ.વ.૦૨, ગાંધીનગર
- સ્વ.ઠાકોર વિનુજી બાબુજી ઉ.વ.૫૩, શિહોલી મોટી
- સ્વ.ઠાકોર રમણજી ગાભુજી ઉ.વ.૬૨, મહુન્દ્રા
- સ્વ.ગટાર મંજુલાબેન રતિલાલ ઉ.વ.૫૫, રાંધેજા
- સ્વ.મારૂડા જશુબેન ઈન્દુભાઈ ઉ.વ.૬૦, ચરેડી છાપરા
- સ્વ.ભાવસાર જીતેન્દ્રકુમાર ચીનુભાઈ ઉ.વ.૮૧, પેથાપુર

# પાણીથી માંડીને પ્રોપર્ટીકાર્ડ સુધીના પ્રશ્ને "પારકાં" જેવો વ્યવહાર અનુભવતું પાલજ..!!

## હોળીના અંગારા પર ચાલતાં શ્રદ્ધાળુઓ માટે સુપ્રસિદ્ધ પાલજ બે ભાગમાં વંહેચાઇ ગયું છે : પાલજમાં પાણી, સ્ટ્રીટલાઇટ, દબાણો, જાહેર સાફસફાઇમાં અભાવ જેવા પ્રશ્નોથી માંડીને પ્રોપર્ટીકાર્ડ માટે લડત ચાલી રહી છે : ગામ વચ્ચે કોતરો છે પણ રમવા મેદાન કે બગીચા નથી




ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં જ આપણે હોળીનું પવિત્ર પર્વ ઉજવ્યું છે, સમગ્ર ગુજરાતમાં જે કેટલાંક હોલિકાદહન સુપ્રસિદ્ધ છે તેમાં ગાંધીનગરના પાલજ ગામની હોળી એક વિશેષ સ્થાન ધરાવે છે. જાણકારોના જણાવ્યાં મુજબ પાલજમાં મહાકાળી માતાના મંદિર પાસે હોળીના તહેવારની પરંપરાગત રીતે આશરે પાચસો વર્ષ પહેલાંથી શરુઆત થઈ હતી અને નવા-જુના એમ પાલજના બંન્ને ભાગના તમામ જ્ઞાતિના ગ્રામવાસીઓ સમુહમાં પરિવાર સાથે હોળીના દિવસે સાંજે મુહૂર્ત અનુસાર હોળી પ્રગટાવતા આવ્યાં છે. પ્રાચીન સમયમાં એકવાર હોળીના અંગારામાં તે વખતના માતાજીના પુજારી સૌપ્રથમવાર હોળીમાં માતાજીને સ્મરણ કરી ધગધગતા અંગારામા ચાલ્યાં હતાં ત્યારબાદ ગામના શ્રદ્ધાળુ યુવાનો, વડીલો, મહિલાઓને બાળકો પણ આસ્થાથી ચાલવા લાગ્યાં અને તેમાં બહારથી દર્શને આવતાં શ્રદ્ધાળુઓ પણ ચાલવાં લાગતા પ્રથા સુપ્રસિદ્ધ બની ગઈ છે. આ ઉપરાંત પાલજ ગામમાં મહાકાલી માતાજીના દિવાળીના દિવસે આખા ગામના એક હજાર ઉપર ફુલોના ગરબા થાય છે જે લાભપાંચમ સુધી રહે છે અને સૌ ગ્રામજનો દ્વારા સાથે મળીને ધામધૂમથી ગામમાં દિવાળી પર્વ ઉજવવામાં આવે છે. આવા શ્રદ્ધાળુ ગામની મોટાભાગની જમીન "પાટનગર" નિર્માણમાં આવરી લેવાઈ છે, જેના પ્રોપર્ટી કાર્ડના પ્રશ્નો હજુ વણઉકલ્યાં છે અને પાટનગરની સ્થાપનાથી માંડીને મહાનગરપાલિકાના વિસ્તરણ સુધી પાલજને પ્રોપર્ટી કાર્ડ હોય કે નર્મદાનું પાણી હોય દરેકમાં "પારકાં" જેવા વ્યવહાર કરાતો હોવાનો વસવસો સતાવે છે.

પાલજ ગામ ગાંધીનગરમાં સબરમતી નદીની પૂર્વ તરફ વસેલું છે અને લેકાવાડાથી ગિફ્ટ સિટી તરફ જતા નવા ફોરલેન માર્ગ પછી જુના પાલજ અને નવા પાલજ એમ બે ભાગમાં વંહેચાઈ ગયુ છે. જુનું પાલજ એટલે આ નવા રોડ અને સાબરમતી નદીની વચ્ચે વસેલું જુનું ગામ અને નવું પાલજ એટલે રોડથી ચિલોડા તરફની દિશાએ વિકસેલો નવો સોસાયટી વિસ્તાર. જોકે હાલની સ્થિતિ તો જુઓ, જ્યાં જુનું ગામડું છે તેને મહાનગરપાલિકા પાલિકામાં સમાવાઈ લેવાયું છે પરંતુ માત્ર એક રોડની બીજી તરફનો ભાગ છે શહેરની પદ્ધતિએ વિકસિત પામ્યો છે તે હવે ગ્રામ પંચાયત પાલજ વિસ્તાર કહેવાય છે. જોકે જુનું પાલજ એટલે કે હાલનો કહેવાતો શહેરી વિસ્તાર હોય કે નવું પાલજ જે સરકારી ચોપડે ગ્રામ્ય વિસ્તાર છે તે બંને ભાગમાં નાગરિક સુવિધાલક્ષી સમસ્યાઓ ઓછી નથી. પાલજના યુવા અગ્રણી અને ગાંધીનગર શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ મિતેષસિંહ બિહોલાના જણાવ્યાં અનુસાર "મનપા હસ્તકના જુના વિસ્તારમાં જાહેર સાફસફાઈમાં લાલિયાવાડી તો ચાલે જ છે પરંતુ ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશન વાન પણ અનિયમિત રીતે અને મનફાવે તેવા સમયે આવે છે તેમજ તેમાં કચરો લેવા આવતા કર્મચારીઓ પણ ગ્રામજનોને યોગ્ય રીતે તેમની સેવા આપતાં નથી. આ વિસ્તારના રામજી મંદિર, મહાદેવ વાસ, રબારી વાસ જેવા ભાગોમાં બંધ સ્ટ્રીટ લાઈટોની સમસ્યા સતાવી રહી છે. ગામમાં રોડ બનાવ્યાં પછી નવી ગટરલાઈન માટે તોડી નાંખ્યા અને હવે તે રોડને ફરી રીપેર કરવા પણ કોઈ આવતું નથી. ગામમાં પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા બંનેના મકાન જર્જરિત છે જેને તાત્કાલિક રીપેર કરવા જરૂરી છે. પાલજના યુવાનો-બાળકોના રમતગમતના વિકાસ માટે એક પણ રમતનું મેદાન નથી."

"પાલજ ગામના શહેરી વિસ્તારમાં નર્મદાનું પાણી આપવામાં આવે તેવી ગ્રામજનોની માંગણી છે,

ગામમાં પાંચેક વર્ષથી આંતરિક રોડરસ્તા તુટી ગયાં છે, તેને રીસરફેસ કરવામાં આવ્યા નથી. ગામમાં ગટરની પાઈપલાઈન ખૂબ જ નાની નાંખવામાં આવી છે જે વારંવાર ઉભરાય છે અને જાહેર રોડ પર દૂષિત પાણી વહેતાં કાદવ-કીચડ અને મચ્છરોનો ઉપદ્રવ થાય છે. હવે શહેરી વિસ્તાર હોવા છતાં શહેરી બસ સેવા ચાલુ કરવામાં આવી નથી, ગિફ્ટસિટી સુધી શહેરી બસ સેવા ચાલુ કરવામાં આવે તે જરૂરી છે. ગામમાં સ્ટ્રીટલાઈટના મોટા ભાગના પોલ બંધ હોય છે જે ફરીયાદ કરવા છતાં ચાલુ કરવામાં આવતા નથી અને ફળિયાંઓમાં સાફસફાઈ કરવામાં આવતી નથી. હવે ગામના વિકાસને ધ્યાને લઈ ગામતળ વધારી આપવું જોઈએ."

- કેશરીસિંહ બિહોલા
અગ્રણી તથા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ

"પાટનગર નિર્માણ સમયે પાલજ સહિત અન્ય ગામના ખેડૂતોએ પણ તેમની મહામૂલી જમીનો આપી હતી પરંતુ બીજી તરફ આજે પણ અનેક ખેડૂત પરિવારોને તેમ?ની રહેણાંકની બાપદાદાના વારસાની જમીનોના માલિકીહક્કના પુરાવા રૂપે પ્રોપર્ટી કાર્ડ અપાયાં નથી જેના કારણે બેંકલોન લેવાથી માંડીને વિસ્તરણ પામેલાં પરિવારોને સમાવાની સમસ્યા સતાવી રહી છે. આ બાબતે પાલજ સહિત સાત ગામના અસરગ્રસ્તો દ્વારા લાંબા સમયથી લડત ચલાવાઈ રહી છે પરંતુ સરકાર કોઈ સકારાત્મક ઉકેલ લાવતી નથી. જુના પાલજને મહાનગરપાલિકામાં સમાવાયું છે અને રાજકિય કિન્નાખોરી રાખીને નવા પાલજને બાકાત રખાયું છે, પરંતુ મહાનગરપાલિકા હસ્તકના અને ગ્રામ પંચાયત હસ્તકના બંને પાલજમાં પાયાની સુવિધાઓ જેવી કે સારા રોડ-રસ્તાં, સ્ટ્રીટ લાઈટ, ગટરલાઈન, પીવાનું પાણી વગેરે ઉપરાંત અન્ય સુવિધાઓ જેવી કે જાહેર સાફસફાઈ, બાગ-બગીચા, કોમ્યુનિટી હોલ, નાગરિક સુરક્ષા-સલામતી કે શહેરી બસ સેવા સહિતની તમામ બાબતે પારકાં જેવું વર્તન કરાઇ રહ્યું છે."

- શૈલેન્દ્રસિંહ બિહોલા




"મહાનગરપાલિકા વિસ્તારમાં પાલજ ગામના જે રોડ-રસ્તા તુટી ગયેલાં છે તેના મરામત કાર્ય માટે ફાઈલ મંજુરીમાં મુકાઇ ગઇ છે, જે જલ્દીથી મંજુર થઇ તેનું કામ શરૂ થઈ જશે. લેકાવાડા ચાર રસ્તાથી પાલજ તરફના મુખ્ય માર્ગ પર તદ્દન નવી સ્ટ્રીટ લાઈટો લગાડી દેવામાં આવી છે. ગામના રબારી વાસમાં પાણીની સમસ્યા ઉકેલવા નવો બોર બનાવી દેવાયો છે અને હવે માત્ર તેની પાઈપલાઈનનું કામ જ બાકી છે જે પણ સત્વરે પૂર્ણ કરી દેવાશે. ગામમાં ગટરલાઈનનું નવીનીકરણ કરી દેવાયું છે તેમ છતાં ક્યાંક ગટર ઉભરાવાની સમસ્યા સર્જાય તો તેને તુરંત ઉકેલવામાં આવે છે. ગામમાં જે વચ્ચે કોતરોની જગ્યા પડે છે ત્યાં પુરાણ કરીને તેની પર બાગ-બગીચાના નિર્માણ માટે પણ પ્રસતાવ મુકી દેવાયો છે જેને ઝડપથી મંજૂરી મળી જશે તેવી આશા છે. ગામના અસરગ્રસ્ત ખેડૂતોના પ્રોપર્ટી કાર્ડના પ્રશ્ન અંગે જિલ્લા કલેક્ટરથી માંડીને મુખ્યમંત્રી સુધી રજુઆતો કરી દેવાઈ છે."

- જસપાલસિંહ બિહોલા
યુવા અગ્રણી અને સ્થાનિક કોર્પોરેટર, મહાનગરપાલિકા

પાલજના અગ્રણી અને નિવૃત પોલીસ અધિકારી બી.આર.વાઘેલાના જણાવ્યાં અનુસાર "નવા પાલજમાં ચિલોડા માર્ગ તરફના ભાગે અને જુના પાલજમાં રામજી મંદિર નજીકના વિસ્તારમાં સરકારી જમીનો પર દબાણોનો પ્રશ્ન વ્યાપક રીતે જોવા મળે છે, નવા પાલજમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સરકારી લોન-સહાય મેળવીને જ્યાં ૧૫ ટ ૩૦ ફુટના મકાન બાંધવાની પરવાનગી મળી હોય ત્યાં ૨૫ ટ ૭૦ ફુટના મસમોટા મકાન તાણી દેવાયાં છે અને જુના પાલજમાં દબાણકર્તાઓએ તેમના તાર ફેન્સિંગ એટલાં લંબાવી દીધાં છે કે જેમાં સરકારી સ્ટ્રીટ લાઈટના વીજપોલ અને પાણીની પાઈપલાઈન પણ અંદર વાડામાં આવી જાય છે. નવા પાલજમાં પાણીના બોરમાં જ પુરતું પાણી નથી એટલે છેવાડાના વાસ સુધી પાણીના પોકાર પડે છે, બંને વિસ્તારમાં જાહેર સાફસફાઈથી માંડીને સ્ટ્રીટ લાઈટના પ્રશ્નો છે જેમાં અનેક રજુઆતો કરવા છતાં તે ઉકેલાતાં નથી. નવા પાલજમાં ગ્રામ પંચાયત તરફ ચિલોડા તરફના માર્ગે એક ખુલ્લી ગટર છે જેના કારણે માર્ગ પર દૂષિત પાણી ભરાયેલાં રહે છે અને માખી-મચ્છરનો ઉપદ્રવ પણ આ વિસ્તારના વસાહતીઓને ખૂબ સતાવી રહ્યો છે." પાલજના વધુ એક યુવા અગ્રણી જિતેન્દ્રસિંહ બિહોલા(જીતુભા)ના જણાવ્યાં અનુસાર "જુના પાલજ ગામમાં રબારીવાસમાં ગટરો ઉભરાવાની સમસ્યા સાથે સાથે પાણીની સૌથી મોટી સમસ્યા સતાવી રહી છે, ગામમાં આરસીસી રોડ તોડીને ગટરલાઈન નાંખ્યા પછી ફરી રોડ બનાવાયાં નથી, ગામમાં કોતરોનો વિશાળ ભાગ ખોટી જગ્યા રોકી રહ્યો છે જ્યાં માત્ર ગંદકી જ ફેલાઈ રહી છે, જો આ કોતરોને પુરીને તેના પર બાગ-બગીચા અને રમતના મેદાનનું નિર્માણ કરવામાં આવે તો ગામના પ્રતિભાશાળી યુવાનો-બાળકોનો સારો વિકાસ થઈ શકે તેમ છે."

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com